શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુક

વર્ષ : ૨૪
અંક : ૩

## ટીમ પ્રવાસ

ટીમ બિલ્ડીંગ પ્રવાસો એ કાર્યસ્થળમાં સંબંધો અને કામની અસરકારકતા સુધારવા ઉપયોગી થાય છે. કારણ કે તે સહકાર્યકરોને એકબીજા સાથે જોડવામાં મદદ કરે છે. સતત કામની ચર્ચાથી કે તેના કાર્યભારણના તણાવથી દુર થવામાં, કાર્યવિસ્તારની બહાર જઈ એકબીજા સાથે પોતાના જીવવાના સંદર્ભોને પણ નવા સ્થળે નવી રીતે જોઈ શકે છે. આ પ્રકારના પ્રવાસો કાર્યસ્થળની બહાર વાતચીત, વિશ્વાસ અને ધીરજ દ્વારા એક સામાન્ય ધ્યેય તરફ મળીને કામ કરવામાં ખુબ મદદ કરે છે. એક ટીમ, એક સંસ્કૃતિ. સંસ્થાના કાર્યકરો જુદા જુદા વિસ્તારમાં કાર્યરત હોય સંબંધો બનાવવાનું, એકબીજાને મળવાનુ મુશ્કેલ હોય સાથે મુસાફરી કરવાની તક સાથે તેઓ સાથીદારોની સંસ્કૃતિનો અનુભવ કરે છે. મનોબળ વધારે તેવુ અનુભવના આધારે સમજાયુ છે.

કોરોનાની પરિસ્થિતીને ધ્યાને લઈ ગયા વર્ષે ટીમનો પ્રવાસ યોજી શકાયો ન હતો પણ કોરોના માર્ગદર્શિકાના પાલન સાથે કાર્યવિસ્તારની નજીક દીવમાં બે દિવસ હોટલમાં બધા સાથે રહી ચર્ચાઓ અને ત્યાની કુદરતી સંપદાઓને માણી હતી. તેની આગળના વર્ષે ગોવાનો પ્રવાસ કર્યો જે ખુબ યાદગાર રહયો હતો.

આ મહિનામાં બધા સાથીઓ આબુના પ્રવાસે ગયા. પ્રથમ દિવસે શંકર મઢ (શીવ મંદિર), અર્બુદા દેવી, સોમનાથ મહાદેવ, દેલવાડાના દેરા, ગુરૂ શિખર, રાજા ભરથરીનો મહેલ, પથ્થરના પાડા, અચલ ગઢ, બ્રહ્માકુમારી કેમ્પસ, નખી તળાવ અને સનસેટ પોઈન્ટ વિગેરે સ્થળોની મુલાકાત લીધી હતી અને રાતનુ ભોજન તેમજ રાત્રી રોકાણ આબુમાં કરવામાં આવ્યુ.

બીજા દિવસે ટોડ રોક ચડવાનો, બોટીંગ માણવાનો લ્હાવો લીધો હતો. વહેલી સવારના આબુમાં સુંદર દ્રશ્યો સાથે આહલાદક ઠંડીનો અનુભવ કર્યો. બપોર પછી ગબ્બર પર્વત ચડયા. અમુક સાથીઓ કે જેને ચડાણ ફાવે તેમ ન હતું તેઓએ રોપવેનો ઉપયોગ કર્યો. ભવ્ય અંબાજી મંદિરના દર્શન કરી બધા સાથીઓએ પર્યટન સ્થળ અંબાજીના અલગ અલગ વિસ્તારોની મુલાકાત લઈ અન્ય પ્રવાસીઓ સાથે વાર્તાલાપ કર્યા હતા. હિંમતનગર રાત્રી ભોજન દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક શ્રી પીનાકીન પ્રજાપતિની મુલકાત લીધી હતી.

**સંજોગો તમારૂં સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.**

## પીયુ ટીમના સભ્યો માટે પ્રેરણા પ્રવાસ

તારીખ : ૧૧/૦૩/૨૦૨૨ના રોજ સૌ પ્રથમ સરદાર સ્મૃતિ કેન્દ્રની મુલાકાત કરવામાં આવી. જેની અંદર પાકોની વેરાયટી, પશુપાલન જાતો, સુક્ષ્મપિયત પદ્ધતિઓ, આધુનિક યાંત્રીકરણના સાધન વિભાગો વિશે માહિતી આપવામાં આવી. કઠોળ, ધાન્ય, ફળો, ઔષધીય, ગાય અને ભેંસની વિવિધ જાતો વિશે શ્રી આર.સી. પ્રજાપતીએ સમજાવ્યું. ૧૯૭૨માં ગુજરાતની પ્રથમ કૃષિ યુનિવર્સિટી બનાસકાંઠા જીલ્લાનાં દાંતીવાડા ગામમાં સરદાર કૃષિનગર ખાતે ૧૨૦૦ હેકટરમાં સ્થાપવામાં આવી. ૨૦૦૪માં આબોહવા અને કલ્ચરની વિવિધતાના કારણે ૪ વિસ્તારોમાં વિભાજીત થઈ. જેમાં જુનાગઢ , નવસારી, આણંદ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી. જેમાં દાંતીવાડા દિવેલા સંશોધન કેન્દ્ર આવેલ છે. જેના દ્વારા ગુજરાતની પ્રથમ દિવેલાની હાઈબ્રીડ વેરાઈટી બહાર પાડવામાં આવી હતી. હાઈબ્રીડ વેરાઈટીઓ ૧૨૦ મણ કે તેનાથી વધારે ઉત્પાદન આપતી હતી. જીસીએચ–૮ એ દિવેલાની છેલ્લી બહાર પડેલ જાત છે. રાઈ–૧,૨,૩,૪,૫ એ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી બહાર પડેલ જાત છે. મહેસાણી ભેંસ અને કાંકરેજ ગાયનું સંવર્ધન કેન્દ્ર વિશે જણાવવામાં આવ્યું કે પહેલા ગાય ૭૦૦ થી ૮૦૦ લીટર વાર્ષિક સરેરાશ દુધ આપતી હતી. હવે ૭૦૦૦ થી ૮૦૦૦ લીટર વાર્ષિક સરેરાશ દુધ આપતી ગાયો અને ભેંસોની જાતોનુ સંવર્ધન કરવામાં આવ્યું છે. આ દુધ વધવા પાછળનું કારણ તેને સમયસર માવજત તેમજ પાણી અને ઘાસચારો આપવામાં આવે છે. ગુજરાત મગ–૪ એ મગની એવી વેરાઈટી છે જે એક સાથે પાકી જાય છે. આ ઉપરાંત ગુજરાત ચોળી – ૪,૫,૬ સારી વેરાયટી છે. સંકલિત ખેતી પદ્ધતિ, સુકી ખેતી સંશોધન કેન્દ્ર, ઓર્ગેનિક ફાર્મ, પશુપાલન સંવર્ધન કેન્દ્ર, બાગાયત સંશોધનની માહિતી આપી.



**બાળકને ઉપદેશ નહી ઉદાહરણ જોઇએ.**

ડો. રૂશભ રાઠોડ દ્વારા બાગાયત વિભાગમાં પ્રથમ આંબાની જુદી–જુદી જાતો વિશે તેમજ તેમાં આવતા રોગ અને જીવાતની માહિતી આપી હતી. જામફળ તેમજ ચીકુની ખેતી પધ્ધતિ વિશે સમજાવ્યુ. ડેમો પ્લોટની વિઝીટ કરાવવામાં આવી. ત્યાં લીંબુમાં સુકારાના રોગ વિશે અને કલમ વાળ વિશે માહીતી આપી. રીંગણની અલગ અલગ જાતનું પ્લોટીંગ નિદર્શન કરવામાં આવ્યું હતું. ખારેકના બગીચામાં ખારેકની વિવિધ જાતો વિશે જણાવ્યુ જેમાં બરહી ખારેક, સાદી ખારેક અને લાલ તેમજ પીળી ખારેક વિશે વિસ્તૃત માહિતી આપી.

પશુ સંવર્ધન કેન્દ્રમાં શ્રી વિરલ ચૌધરી દ્વારા કાંકરેજ ગાયનું પાલનપોષણ, વિયાયેલ, દુજતી અને વાછરડુ સાળસંભાળ વિશે માહિતી આપી. તેમને પાણી ભરપુર માત્રામાં આપવામાં આવે છે. તેમજ ઘાસચારાનું કટીંગ કરી દુધ દોહ્યા બાદ દિવસમાં ત્રણ વખત નીરણ આપવામાં આવે છે. દુધ દોહ્યતા સમયે અમુલદાણ ખાણ તરીકે આપવામાં આવે છે. તેના વાછરૂંઓને પણ સારી માવજતથી તૈયાર કરવામાં આવે છે. જે સારી ઓલાદના ધણખુંટનું બીજદાન કરવામાં આવેલ હોય છે. તેમાંથી જે કોઈ ખેડુત બળદ લેવા માટે તૈયાર હોય તેને ૧૬૦૦ રૂપિયામાં જોડ આપે છે. સમયસર ખોરાક અને પાણી આપવામાં આવે છે. સારી ઓલાદની ગાયો અને ભેંસોના સંવર્ધન માટે સતત સંશોધન કરવામાં આવે છે. સુકી ખેતી સંશોધન કેન્દ્રમાં શ્રી એન.એ.પટેલ દ્વારા મુખ્ય સુકી ખેતી સંશોધન કેન્દ્ર આવેલ છે. જેમાં તેમાનો એક સંશોધન વિસ્તાર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં આવેલ છે. આ ફાર્મની અંદર ૩૨ પ્રકારની જાતોના વૃક્ષોનું સંશોધન અને સંવર્ધન કરવામાં આવે છે. આમળાં, અંજીર, બદામ, લીંબું, દાડમ, હરડે, બકીડા, ખારેક, વાંસ, પામ અને ઔષધિઓ કે જેને પુરા વર્ષ દરમિયાન વરસાદના પાણી સિવાય પિયત આપવામાં આવતું નથી.



**સદ્‌ગુણો વિના સુંદરતા અભિશાપ છે.**

## મહીલા દિવસની ઉજવણી

દર વર્ષે ૮ માર્ચના રોજ દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનુ આયોજન થાય છે. મનમાં સવાલ ઉભા થાય છે કે આ પરંપરાની શરૂઆત કયારથી થઈ ? સાથે જ મહિલા દિવસ મનાવવા પાછળ હેતુ શુ છે ? જો મહિલા દિવસ ઉજવાય છે તો પુરૂષ દિવસ કેમ નહી ? આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઈતિહાસની વાત કરીએ તો સૌ પ્રથમ વર્ષ ૧૯૦૯માં ઉજવવામાં આવ્યો. ત્યાર બાદ આ દિવસને ૧૯૮૫માં સંયુકત રાષ્ટ્ર સંઘે માન્યતા આપી. પછી તો દુનિયા ભરમાં ઉત્સાહ પૂર્વક ઉજવવાની શરૂઆત થઈ. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ મહિલાઓ પ્રત્યે સન્માન પ્રગટ કરવામાં આવે છે. જેમણે આર્થિક રાજનીતિક અને સામાજીક ક્ષેત્રોમાં મુખ્ય ઉપલબ્ધિઓ મેળવી છે. ખાસ કરીને મહિલાઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતા તેમની સફળતાની વાનગી રજુ કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માટે દર વર્ષે એક થીમ હોય છે, મહિલા દિવસ વર્ષ ૨૦૨૨ માટે તેની થીમ 'Gender equality today for a sustainable tomorrow' છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ખાંભા ગામે ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સર્વ પ્રથમ દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી. ઉપસ્થિત મહેમાનો હરદીપભાઈ દેસાઈ, હેતલભાઈ પટેલ, ધીરૂભાઈ વાગડીયા, કુલદીપભાઈ દીક્ષિત, નરેન્દ્રભાઈ પોંકીયા અને રામભાઈ લાખણોત્રાનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ. શુભ પર્વની આપ સૌને હાર્દીક શુભકામનાઓ અને નારી શકિતને આવકારી જાનકીબેન પંડયા દ્વારા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનો વિશેષ પરિચય અને સતત ચાલતી અવિરત કામગીરી અને વિવિધ પ્રોજેકટ વિષે માહિતી આપવામાં આવી. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અંતર્ગત ચાલતા પ્રોજેકટની અમલીકરણ સંસ્થા કોટન કનેકટમાંથી ઉપસ્થિત હેડ ઓફ ફાર્મ ઓપરેશન હરદીપભાઈ દેસાઈ તેમજ આઈ.પી. હેતલભાઈ પટેલ દ્વારા પ્રોજેકટ અને ખાસ પાણી બચાવ ઉપર વિસ્તૃત માહિતી આપવામાં આવી. કુલદીપભાઈ દીક્ષિત દ્વારા ગૃહ ઉધોગ માટે અલગ–અલગ ઉધોગો વિષે માહિતી આપવામાં આવી. જેમકે કાચરી, મીઠાઈ, છાશ વગેરે. ખાંભા કલસ્ટરના ગૃહ ઉધોગ ચલાવતા બહેનોને માટે વિસ્તૃત માહિતી આપી અને હાલ તેવા ૬ બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ખેતી ક્ષેત્રે અગ્રણી ૨૦ બહેનોને પ્રોત્સાહન રૂપે સર્ટિફિકેટ અને ખેતી ઉપયોગી ઈનપુટ આપવામાં આવ્યું.



**સહનશીલતા સદગુણોનો આધારસ્તંભ છે.**

તારીખ ૦૭–૦૩–૨૦૨૨ ના રોજ ધોકડવા ગામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણી અંર્તગત જણાવ્યુ કે મહિલાઓ અને બાળકો સાથે કામ કરે છે. તેમજ પ્રોજેક્ટ બાબતે ચર્ચા કરવામાં આવી જેમાં ગીર ગઢડા, ઉના અને ખાંભા તાલુકાના કુલ ૩૭ ગામોમાં બી.સી.આઈ. પ્રોજેક્ટ કાર્યરત છે. જેમાં ખેડુતો, મહિલાઓ અને મજુરો સાથે તાલીમો અને મીટીંગો કરે છે. તારીખ ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંદર્ભે મહિલાઓના હક્ક અને અધિકાર અને કાનુની ધારા અને જોગવાઈઓ વિષે અવગત કરાવવામાં આવ્યા. મહિલાઓને અલગ અલગ ક્ષેત્રમાં રોજગારી તેમજ બીઝનેસ ડેવલોપમેન્ટ અને મહિલાઓના મંડળ સ્થાપી અને ગૃહ ઉદ્યોગમાં સારી તકો મળે તેના વિશે માહિતી આપી. તેમજ મહિલાઓના મંડળ બનાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું. હાલ અલગ અલગ બીઝનેસમાં મહિલાઓ એ હરણફાળ મુકી છે. શારદાબેન (આંગણવાડી વર્કર) : સ્વરોજગારી સાથે પોતે સ્થાપેલ સખી મંડળ વિશે ચર્ચા કરી અને કઈ રીતે બીઝનેસ કરવો અને મહિલા એકલી રહીને જાતે રોજગારી મેળવી શકે તેના વિશે ચર્ચા કરી ત્યાં ઉપસ્થિત મહિલાઓને પ્રોત્સાહન આપ્યું.

તારીખ ૦૫–૦૩–૨૦૨૨ ના રોજ ચિતલ ગામ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે મહિલાઓ સાથે ઉજવણી કરવામાં આવી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી અને ચાઈલ્ડ લાઈન સાથે સંકલન કરી આ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. બી.સી.આઈ. સાથે જોડાયેલ મહિલાઓને કેવીકે અમરેલી દ્વારા બેકરી આઈટમો જેવી કે વિવિધ પ્રકારની કેક બનાવવાની તાલીમ આપવામાં આવી. અનાજને સંગ્રહ કરવા હવા ચુસ્ત બેગ ડેમો પ્રિતીબેન જયસ્વામી દ્વારા તેના વિશે યોગ્ય માહિતી આપી. બી.સી.આઈ.ના પ્રોજેક્ટનાં પીયુ દ્વારા મહિલા દિવસ નિમિતે મહિલાનું ખેતીમાં જે રીતે યોગદાન આપેલ છે તે વિશે ચર્ચા કરવામાં આવી. ઓર્ગેનીક ખેતીથી થતા ફાયદા સમજાવ્યાં. તેમજ ખેતીમાં જંતુનાશક દવા અને રાસાયણીક ખાતરનો ઉપયોગ ઓછો કરવા કહ્યુ. તેની જગ્યાએ દેશી ખાતરનો ઉપયોગ વધુ કરવા ભલામણ કરી. દેશી ખાતરથી થતાં ફાયદાઓ જણાવીને તે વિશે યોગ્ય માહિતિ આપી. મહિલા ખેડૂતોને કપાસની ખેતી ટકાઉ પદ્ધતિઓને અપનાવી પર્યાવરણની જાળવણી કરવા અને ખેડુત સમુદાયમાં જાગૃતતા લાવી એક ઉમદા ઉદાહરણ પ્રસ્થાપિત કરવા બદલ શ્રી સવિતાબેન ગોવિંદભાઈ રીજીયા અને શ્રી દયાબેન જગદિશભાઈ પાથરને ૧ કીલો ગ્રામ બાયોકયુલમ અને ૧ લીટર વન્ડર લાઈફ (ખાતરને ડિકંમ્પોસ્ટીંગ કરનાર બેકટેરીયા) તેમજ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ઉપરાંત કાર્ય વિસ્તારના વિવિધ ગામડાઓમાં સ્ટાફ દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઊજવણી કરવામાં આવી.



**સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.**

## સ્ટાફ તાલીમ

કર્મચારીઓની ક્ષમતા વર્ધન તાલીમ તા.૧૪–૧૫ માર્ચ ૨૦૨૨ના રોજ કરવામાં આવી.

શ્રી આર.એલ.કાચા સાહેબ પોતાના શિક્ષક તરીકેના અને જીવનના અનુભવોથી બધાને પરિચિત કર્યા. બાળકો કે ખેડુતો જેની પણ સાથે કામ કરીએ તેમની સાથે લાગણીથી વર્તવુ. તેઓને લાગશે કે તેમના સારા માટે કામ કરી રહયા છો તો તે તમને તેની મુશ્કેલી કે પરેશાની જરૂર જણાવશે. આપણે આપણુ જીવન મુલ્યનિષ્ઠ બનાવવું જોઈએ. આપણે જેની સાથે કામ કરવું છે તેની સાથે આપણે તેની જેવુ વર્તન કરવુ પડે, તેની બોલી બોલવી પડે. દુરંદેશી વિચાર સરણી જીવનમાં રાખવી.

પ્રો.શ્રી જે.એમ. તળાવીયા સાહેબે સુભાષ પાલેકરજીના પ્રયોગો આધારિત ખેતીથી અવગત કર્યા. પ્રાકૃતિક ખેતીએ ઝીરો બજેટ ખેતી છે કેમકે તેમાં કોઈ પણ પ્રકારનો બહારી ખર્ચ થતો નથી જેમકે રાસાયણિક ખાતર, દવા, બિયારણ, જંતુનાશક દવા, નિંદામણ. ટ્રેકટરથી ખેડ કરીએ તો ૩–૪ ફુટ સુધીની જમીનને પોચી કરે છે, ખેડુતોના મિત્ર એવા અળસિયા ૨૦ ફુટ સુધી જમીનને પોચી રાખે છે. પ્રાકૃતિક ખેતી થતી હોય તેમાં વરસાદનું પાણી ખેતરની બહાર ન જતા જમીનમાં ઉતરે છે જેથી જમીનનું ભેજ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. સુભાષ પાલેકરજીએ ૯ વર્ષ સુધી ૪૫૦ જેટલા પ્રયોગો કર્યા અને તેમાંથી સિદ્ધ કર્યુ કે ગાયનું છાણ અને ગૌમૂત્ર જમીન માટે સર્વ શ્રેષ્ઠ છે. ગામડાઓમાં થતી આપણી મિટિંગ દ્વારા ખેડુતોને સમજાવવું કે એમની જમીનમાં પોતાના ઘર પુરતું શાકભાજી, અનાજ, કઠોળ વાવે અને ઝેર મુકત બને. એક ગાય ૭૦ વીઘા જમીનમાં ખેતી કરવા માટે જરૂરી છાણ અને ગૌમૂત્ર આપે છે. સરકાર તરફથી એક ગાયના ખર્ચ માટે ગાય દીઠ ૯૦૦ રૂપિયાની સહાય પ્રતિ માસ આપે છે.

શ્રી ગોવિંદભાઈ ટીંબડીયાએ શરૂઆત પ્રેરણા દાયક ગીત 'હિંમત હારે મત બેઠો' થી કરી. તેમણે પ્રાક તિક ખેતી માટે જરૂરી પાયાની બાબતો તરફ ધ્યાન દોર્યું. ભૂમિમાં રાસાયણીક કે દેશી કોઈ ખાતરની જરૂર નથી. વાસ્તવિકતા એ છે કે ભૂમિ એ પોષક તત્વોનો



**મને મળી નિષ્ફળતા અનેક તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.**

ભંડાર છે. જીવામૃત એ ખાતર નથી પણ જમીનમાં રહેલા પોષક તત્વોને સક્રિય કરવા માટેના બેકટેરીયાનું કલ્ચર છે. ખેતરમાં ઉગતુ ઘાસને બાળવા માટે વપરાતી દવા ખુબ જ નુકશાન કારક છે. ઘાસ એ એક રીતે ખેડુતોનો મિત્ર જ છે. ઘાસને પૂરી રીતે ન કાઢતા તેના મુળિયા જમીનમાં રહે તેમ તેને ફકત ઉપરથી જ કાપવા જેથી ઘાસમાં રહેલ પોષક તત્વો પાકને મળે છે. ખેતરમાં ફકત એક જ પાક ન વાવતા તેના સહજીવન માટે તેની સાથે બીજો પાક વાવવો જોઈએ. જેમકે કપાસની સાથે કઠોળ, મરચી, હળદર વાવવું લાભદાયક થાય છે. પાકને હવા, પાણી અને પ્રકાશની ૯૮.૫ % અને પોષક તત્વોની માત્ર ૧.૫ % જરૂરી હોય છે. જીવામૃત અને ઘાસ દ્વારા પાકને જરૂરી બધા જ તત્વો મળી જતા હોવાથી રોગ થવાની શકયતા નહીવત રહે છે. સુભાષ પાલેકરની પ્રાકૃતિક ખેતીની વિશેષતા એ છે કે તે ફકત ૩ વર્ષ ફોલો કરવાની રહે છે. પછી ફકત વાવવું અને લણવું એ જ કામ રહેશે. આ ધરતી સમૃધ્ધ અને શ્રેષ્ઠ બને તેના માટે આપણે સૌએ પ્રયાસ કરવાનો છે. કોઈ ગામને સંપૂર્ણપણે પ્રાકૃતિક બનાવવામાં બધા સાથે મળીને સહિયારો પ્રયાસ કરીશું.

બીજા દિવસની તાલીમની શરૂઆત આગલા દિવસના રીવીઝનથી કરવામાં આવી. વર્ષ દરમ્યાનના ટીમના લર્નીગ અને તેની કામ પર થયેલી અસર ચકાસવા તથા એકાગ્રતા જાળવવા માટે ધીરૂભાઈએ તાલીમાર્થીઓ સાથે એકસરસાઈજ કરી. વ્યકિતગત મિશન સ્ટેટમેન્ટ લખવા સલોની રાઠોડએ સમજાવ્યુ કે તે મૂલ્યો અને ધ્યેયોને ઓળખવામાં મદદ કરે છે. વ્યવસાયિક રીતે સૌથી વધુ મહત્વનું છે. નિર્ણય લેવાની પ્રક્રિયાને પણ સરળ બનાવે છે. તે સ્પષ્ટ કરે છે કે તમે જે નિર્ણયો લઈ રહ્યાં છો તે તમારા જીવન માટે જે ઈચ્છો છો તેની સાથે સુસંગત છે. કારણ કે તમે તમારો સમય કેવી રીતે વિતાવો છો, તમે અન્ય લોકો સાથે કેવી રીતે ક્રિયા–પ્રતિક્રિયા કરો છો, તમારા સમય સાથે શું કરવું અને શું ન કરવું, તમારા લક્ષ્યોને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરે છે, વળતર પ્રદાન કરે છે, પ્રેરણા માટે ઉપયોગ કરી શકો છો અને જે તમારા મૂલ્યોને દર્શાવે છે. પ્રવિણભાઈ જાલંધરાએ જાદુ દ્વારા રીફ્રેશમેંટ એકટીવીટી કરાવી. રમેશભાઈ સોલંકીએ સરકારની યોજનાઓ વશે માહિતી આપી.



**જેને હારવનો ડર છે તેની હાર નિશ્ચિત છે.**

## Happy Birthday

Umiya Sankhat 23.04.1997

Kaushik Pandya 27.04.1977

## આ મહિનાની ઝલક

૦૧ ઈન્ડીયા ફાઉન્ડેશન ફોર હ્યુમીનીસ્ટીક ડેવલપમેંટ અને સ્નેહકુંજ દ્વારા ચાલતા પ્રોચીફ પ્રોજેક્ટ અંતર્ગત અરૂણા રંગચર પોહલની સંસ્થા મુલાકાત.

૦૧ યુપીઈએસ દેહરાદુનના વિદ્યાર્થીઓ સાથે ઓરીએન્ટેશન મીટીંગ

૦૧.૦૨ દસ્તાવેજીકરણ મુલાકાત –સંજય જોષી.

૧૦ પ્રોજેક્ટ હેન્ડઓવર મીટીંગ, ઢસા

૧૭ પોલીસીઓની સમીક્ષા – વીણા ઠાકુર.

૨૨ લેમ્પ સમીક્ષા

## પુસ્તક પરિચય

હરેશ ધોળકીયા લીખીત "આનંદનોઓચ્છવ" વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તિકા જીવન આરોગ્ય માટે ઉપયોગી લાગી. સંસ્થાના રજત જયંતી વર્ષ નિમિતે તે ૫૦ ટકા ડીસ્કાઉન્ટથી પ્રાપ્ય છે. સંપર્ક : જયશ્રીબેન સાવલીયા (૦૨૭૯૬) ૨૨૨૪૭૯

## પ્રિય વાચક મિત્રો,

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે.**